## શિષ્યવૃત્તિ અરજીપત્રક ભરવા માટેના સુચનો:

**પગલું 1: સંબંધિત દસ્તાવેજો/પ્રમાણપત્રો/માહિતી એકત્ર કરવી :**

**એ) તમે એડમીશન માટે અરજી કરી હોઇ તે દરેક કોલેજની કુલ ફી, હોસ્ટેલ ફી, ટયુશન ફી અને અન્ય ફીની વિગતો મેળવવી**
**બી) ધો.10 અને 11ની પ્રમાણિત કરેલ માર્કશીટની નકલ**
**સી) તમારી કોલેજ ફી માટેવધારાની નાણાકીય સહાય જેવી કે બેંક લોન અને સરકારી શિષ્યવૃત્તિ યોજના ની વિગતો**

તમને અરજી ફોર્મ ની સી, ડી, ઈ વિભાગો પૂર્ણ કરવા માટે આ માહિતીની જરૂર પડશે.

**પગલું 2:** અરજી ફોર્મની તમામ વિભાગો પૂર્ણ કરો. કલમ બી માટે, તમે વધારાના ઘરના સભ્યોની માહિતી ભરવા માટે વધુ જગ્યાની જરૂર હોય તો કાગળ પાછળ લખી શકો છો..બધા પ્રશ્નોના જવાબ સંપૂર્ણપણે સાચા અને સંપુર્ણ રીતે આપવા. જો તમે સુચિત કરેલ ડિગ્રી પ્રોગ્રામ સિવાયના ડિગ્રી પ્રોગ્રામ માટે અરજી કરવા માંગતા હોઇ તો અરજીપત્રકમાં બતાવ્યા મુજબ નિબંધ પ્રશ્નમાં વિસ્તારથી જવાબ આપવા અનિવાર્ય છે.
(આ માર્ગદર્શિકા વસ્તુઓની 4-6 જુઓ)

**પગલું 3:** અરજી પત્રકમાં તમારો એક પાસપોર્ટ સાઇઝ નો ફોટો ચોંટાડવો અને બીજો ફોટો અરજીપત્રક સાથે જોડવો..

**પગલું 3**: તમારી સહિ અને અરજીની જે તે તારીખ લખવી . તમારા માતાપિતા (વાલી)ની સહિ અને અરજીની તારિખ લખવી.

**પગલું 4**: નીચેના જરૂરી દસ્તાવેજો એકત્ર કરો. દરેક દસ્તાવેજ/પ્રમાણપત્રો અને પાસપોર્ટ સાઇઝ્ના ફોટા પાછ્ળ તમારુ સંપૂર્ણ નામ લખવુ.

**એ). ધો. 10 અને 11 ની માર્કશીટ ( શાળાના આચાર્ય દ્વારા પ્રમાણિત કરેલ) (જો તમે શિષ્યવૃત્તિ માટે પંસદ કરવામાં આવે તો ધો.12 ની માર્કશીટ જમા કરાવવી જરૂરી છે)**
**બી) તાલુકા મહેસૂલ અધિકારી / મામલતદાર દ્વારા આપેલ વાર્ષિક આવકનો દાખલાની નકલ**
**સી) રેશન કાર્ડની નકલ**
**ડી) 2 પાસપોર્ટ સાઇઝ ના ફોટા. એક શાળા આચાર્ય દ્વારા ફોટા પર સહિ અને શાળાનો શિક્કો કરાવેલો હોવો હોવી જ જોઈએ**
**ઈ) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર**
**એફ) જે તે કોલેજમાં પ્રવેશ મળ્યાનું પ્રમાણપત્રની નકલ/ મેરીટ લીસ્ટની યાદી/ વગેરે (જો શિષ્યવૃત્તિ માટે પંસદ કરવામાં આવે તો જ)**
**જી) પ્રવેશ પરીક્ષામાં મેળવેલ માર્કસ/રેન્કની નકલ (જો લાગુ હોય)**
**એચ). રહેઠાણનો પુરાવાની નકલ (તલાટીનો દાખલો)**
**આઇ) આધાર કાર્ડની નકલ**

**પગલું 5:** તમારા રેકોર્ડ્સ માટે અરજીપત્રક ની એક કોપી ઝેરોક્ષ કરવી.

**પગલું 6**: અરજી ફોર્મ સાથે તમામ દસ્તાવેજો જોડો.

પોસ્ટ / કુરિયર અથવા રૂબરૂ પહોંચાડવા માટેનું સરનામું:

**ધી કડોદ હાઈસ્કુલ**
**c / o જયેશ ચૌધરી (નાનુભાઈ એજ્યુકેશન ફાઉન્ડેશન)**
**કડોદ, તા: બારડોલી જીલ્લો: સુરત, ગુજરાત**
**પીન- 394335**

તમે શ્રી જયેશ ચૌધરીને સંપુર્ણ ભરેલ અરજીપત્રક અને દસ્તાવેજો સ્કેન કરી jayesh@nanubhai.org પર ઈ મેલ પણ કરી શકો છો.

જો તમે અરજી અને દસ્તાવેજો ઈમેઈલ દ્વારા મોકલવાનું પસંદ કરો, તો પણ પાસપોર્ટ ફોટા અને માર્કશીટ ઉપરના સરનામા પર મોકલવું આવશ્યક છે.

સંપુર્ણ ભરેલ અરજીપત્રક અને દસ્તાવેજો **10, એપ્રિલ, 2014** સુધીમાં નાનુભાઈ એજ્યુકેશન ફાઉન્ડેશનને મોકલવાનું રેહેશે.

**પગલું 7**: જો તમે શિષ્યવૃત્તિ ફાઇનલિસ્ટ તરીકે પસંદ કરવામાં આવે તો ધો. 12 ની માર્કશીટ અને જે તે કોલેજમાં પ્રવેશ મળ્યાનું એક પ્રમાણપત્ર અત્રે મોકલવાનું આવશ્યક છે.

**પગલું 8**: શિષ્યવૃત્તિ વિજેતાઓની યાદી જૂન માસના શરૂઆતમાં જાહેર કરવામાં આવશે. પસંદગી પામેલ અરજદારે જૂન 20, 2014 સુધીમાં કુલ કોલેજ ફી અને જે તે કોલેજમાં પ્રવેશ મળ્યાની સાબિતી અત્રે મોકલવાની રહેશે. સ્કોલરશીપ મેળવનારે શિષ્યવૃત્તિ કરાર પર સહિ કરવા માટે નાનુભાઈ એજ્યુકેશન ફાઉન્ડેશન, કડોદ ઓફિસ અથવા નક્કી કરેલ સ્થળ પર આવવાનું રહેશે.

**પગલું 9**: શિષ્યવૃત્તિના પૈસા પ્રવેશ મળેલ કોલેજને યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ ડેડલાઇન (ફી ભરવાની છેલ્લી તારિખ) અથવા જૂન 30, 2014 સુધીમાં સીધે સીધા જે તે કોલેજ/યુનિવર્સીટીને ચેક/ડી.ડી/કેશ દ્વારા ભરવામાં આવશે.